# India delivers three tons of medical assistance to Afghanistan

January 29, 2022

# ભારતે અફઘાનિસ્તાનને ત્રણ ટન તબીબી સહાય પૂરી પાડી

જાન્યુઆરી 29, 2022

હાલમાં ચાલી રહેલી માનવતાવાદી સહાયના ભાગરૂપે ભારતે અફઘાનિસ્તાનને તબીબી સહાયનો ચોથો જથ્થો પૂરો પાડ્યો હતો જેમાં ત્રણ ટન જેટલી આવશ્યક જીવનરક્ષક દવાઓનો સમાવેશ થાય છે. કાબુલ સ્થિત ઇંદિરા ગાંધી હોસ્પિટલ પર સહાય સોંપવામાં આવી હતી.

2. અફઘાનિસ્તાનના લોકો સાથે વિશેષ સંબંધ ચાલુ રાખવા અને તેમને માનવીય સહાય પૂરી પાડવા માટે ભારત પ્રતિબદ્ધ છે. આ પ્રયત્નમાં અમે તબીબી સહાયના ત્રણ શિપમેન્ટ પૂરા પાડ્યા છે જેમાં અફઘાનિસ્તાનના લોકો માટે કોવિડની રસીના 500,000 ડોઝ અને આવશ્યક જીવનરક્ષક દવાઓ સામેલ છે. આ જથ્થો વિશ્વ આરોગ્ય સંસ્થા અને કાબુલ સ્થિત ઇંદિરા ગાંધી ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે સોંપવામાં આવ્યો હતો.

3. આગામી સપ્તાહોમાં અમે અફઘાનિસ્તાનના લોકો માટે દવાઓ અને અનાજ સાથે વધારે માનવીય સહાય પહોંચાડીશું.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 29, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.